# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૪ તા.૨૯-૫-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- શાળાના બાળકોના પ્રવાસ વખતે સલામત પરિવહન બાબત.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ / સંકલન / રોડ સેફટી / ૨૦૧૯ / ૨૨૯૦ - ૨૩૪૩ પ્રા.શિ.નિયામકશ્રીનો તા.૨૮-૦૫-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે,ગુજરાત રાજયમાં માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા ગુજરાત રોડ સેફટી ઓથોરીટી એકટ-૨૦૧૮ની કલમ-૩ હેઠળ રચાયેલી ગુજરાત રાજય રોડ સેફટી ઓથોરીટીની બેઠક તા.૧૩-૨-૨૦૧૯ના રોજ ઓથોરીટીના અધ્યક્ષ અને માન.મંત્રીશ્રી (વાહન વ્યવહાર)ના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ બેઠકમાં શાળાના બાળકોના પ્રવાસ વખતે સલામત પરિવહન માટે જરૂરી દિશા નિર્દેશો બહાર પાડવા વિચારણા કરવામાં આવેલ છે. જે અન્વયે નીચે મુજબના આદેશો બહાર પાડવામાં આવેલ છે.

રાજયમાં તાજેતરમાં શૈક્ષણિક સંસ્થા તેમજ ટયુશન કલાસમાં અભ્યાસ કરતા બાળકોને પ્રવાસ લઈ જતી વેળાએ ગંભીર માર્ગ અકસ્માતો થયા છે. જેમાં અમદાવાદની એક શાળા અને સુરતના એક ટયુશન કલાસના વિદ્યાર્થીઓને પ્રવાસમાં લઈ જતી વેળાએ માર્ગ અકસ્માતો થયાની હકીકત ઓથોરીટીએ ધ્યાને લીધી છે.

શૈક્ષણિક સંસ્થા તેમજ ટયુશન કલાસમાં અભ્યાસ કરતા બાળકોના પ્રવાસમાં પુરતી કાળજી લેવાતી નથી. જેનો ભોગ વિદ્યાર્થીઓ બને છે. આ પ્રવાસના આયોજન વખતે વિદ્યાર્થીઓની સલામતી સુનિશ્ચિત કરવા નીચે મુજબના દિશા-નિર્દેશો આપવાનું ઠરાવેલ છે. (૧) શૈક્ષણિક સંસ્થા કે ટયુશન કલાસના સંચાલકો અને (૨) વાહન માલિક કે વાહનનાં નિયંત્રક કે વાહનના કબજેદાર કે ટ્રાવેલ્સ ઓપરેટરોએ નીચે પ્રમાણેના આદેશોનું ફરજીયાત પ્રમાણે પાલન કરવાનું રહેશે.

(૧) શૈક્ષણિક પ્રવાસ કરતા પહેલાં લેવાની થતી કાળજી

(એ) વાહનની યાંત્રિક તપાસણી સંબંધિત આર.ટી.ઓ. કચેરીનાં મોટરવાહન નિરીક્ષક દ્વારા ફરજિયાતપણે કરાવવી.

(બી) વાહનના સંબંધિત કાગળો જેવા કે વાહનનું ફિટનેશ સર્ટીફિકેટ, પરમીટ, પી.યુ.સી., વિમો વગેરે માન્ય છે તથા ડ્રાઈવર અધિકૃત ડ્રાઈવીંગ લાયસન્સ તથા બેઝ ધરાવે છે તે બાબત સુનિશ્ચિત કરવા સંબંધિત આર.ટી.ઓ. કચેરીનાં મોટર વાહન નિરીક્ષક દ્વારા ફરજિયાત પણે તપાસણી કરાવવી.

(સી) સ્પીડ ગવર્નર, રીફલેકટીવ ટેપ વગેરે અંગેના નિયમોની જોગવાઈનું પાલન થયેલ છે કે નહીં તે સુનિશ્ચિત કરવું. આવી તપાસણી કર્યા બાદ સંબંધિત આર.ટી.ઓ. કચેરીનાં મોટરવાહન નિરીક્ષકને વાહન, વાહનના દસ્તાવેજ તેમજ ડ્રાઈવીંગ લાયસન્સ અંગે સંતોષકારક પ્રમાણપત્ર મળ્યું હોય તે સિવાયનું કોઈપણ વાહન પ્રવાસમાં લઈ જઈ શકાશે નહીં.

(૨) પ્રવાસ આયોજક દ્વારા લેખિત બાંહેધરી આપવી. જેમાં જણાવવું કે,

(એ) બેઠક ક્ષમતા કરતાં વધુ બાળકો બેસાડવામાં નહીં આવે

(બી) રાત્રીના ૧૨ થી સવારના ૬ સુધી પ્રવાસ કરવામાં નહી આવે

(સી) જે ડ્રાઈવર અકસ્માતમાં સંડોવાયેલા હોય તેમને વાહન ચલાવવા દેવામાં આવશે નહીં.

(ડી) ડ્રાઈવર દ્વારા કાળજીપૂર્વક તથા સલામત રીતે વાહન ચલાવવામાં આવશે.

(૩) આ આદેશોના અનાદર અથવા અમલીકરણમાં નિષ્ફળતા બદલ જવાબદારો સામે ગુજરાત રોડ સેફટી ઓથોરીટી એકટ-૨૦૧૮ની કલમ-૧૭ તેમજ કલમ-૨૩ હેઠળ દંડનીય પગલાં લઈ શકાય છે.

ગુજરાત રાજ્ય રોડ સેફટી ઓથોરીટી, ગાંધીનગરનાં તા.૦૮-૦૩-૨૦૧૯ના આ સાથે સામેલ પત્રનો ચિવટપૂર્વક અભ્યાસ કરી તમામ મ્યુનિ. પ્રાથમિક શાળાઓના બાળકોના પ્રવાસ વખતે સલામત પરિવહન માટે ઉપરોકત જણાવ્યા મુજબની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- ગુજરાત રાજ્ય રોડ સેફટી ઓથોરીટી, ગાંધીનગરનો તા.૮-૩-૧૯નો પત્ર

તા.૨૯-૦૫-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંક:પરચ/૧૩૨૦૧૮/૨૯૮/વ-૨

શિક્ષણ વિભાગ

સચિવાલય,ગાંધીનગર.

તા.૨૮/૫/૨૦૧૯

પ્રતિ,

(૧) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭ ગાંધીનગર

(૨) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી.,બ્લોક નં-૯, ડૉ.જીવરાજ મહેતા ભવન,સચિવાલય,ગાંધીનગર

(૩) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,સચિવાલય,ગાંધીનગર.

(૪) કમિશ્નરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, બ્લોક નં ૨, કર્મયોગ ભવન, ગાંધીનગર.

(૫) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,સચિવાલય,ગાંધીનગર.

(૬) સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક બોર્ડ, સેક્ટર નં ૧૦, ગાંધીનગર

(૭) નિયમકશ્રી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેક્ટર નં ૧૨ ગાંધીનગર

વિષય: બાળકોના પ્રવાસ વખતે સલામત પરિવહન બાબત

શ્રીમાન,

ઉપરના વિષય પરત્વે ગુજરાત રાજ્ય રોડ સેફ્ટી ઓથોરીટી, ગાંધીનગરના તા.૮/૩/૨૦૧૯ના આદેશ ક્રમાંક ગુજરોસા/૦૪/રોડસેફ્ટી/વિદ્યાર્થીપ્રવાસ/૧૬-બી ની નકલ આ સાથે સામેલ છે. શાળાના બાળકોના પ્રવાસ વખતે સલામત પરિવહન માટે ગુજરાત રાજ્ય રોડ સેફ્ટી ઓથોરીટી દ્વારા જરૂરી આદેશ બહાર પાડવામાં આવેલ છે. આ આદેશની સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવા આપના તાબાની કચેરીઓને સૂચના આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(બી.વી.રાઠવા)

ઉપ સચિવ(સં)

શિક્ષણ વિભાગ

બિડાણઃ- ઉપર મુજબ.

Scanned by CamScanner

# ગુજરાત રાજય રોડ સેફટી ઓથોરીટી

પ્રથમ માળ, નિયામકશ્રી અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની જુની કચેરી, સેકટર-૧૮
પોલીસ ભવનની બાજુમાં
ગાંધીનગર.

Email :-gujrosa@gmail.com

ક્રમાંક/ગુજરોસા/૦૪/રોડ સેફટી/વિદ્યાર્થીપ્રવાસ/૨૬-બી
તારીખ. ૮-૩-૨૦૧૯ 8 MAR 2019

---

આદેશ ક્રમાંક---૦૪---/૨૦૧૯.

વંચાણે લીધા :-

(૧) ગુજરાત સ્ટેટ રોડ સેફટી ઓથોરીટીની તા.૧૩-૨-૨૦૧૯ ના રોજ થયેલ બેઠકની કાર્યનોંધ.

(૨) ગુજરાતના સને-૨૦૧૮ના માર્ગ અકસ્માતના આંકડા.

(૩) ગુજરાત રોડ સેફટી ઓથોરીટી એકટ,૨૦૧૮ ની કલમ-૧૫ (૧)

૧. આમુખ.

ગુજરાત રાજયમાં માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા ગુજરાત રોડ સેફટી ઓથોરીટી એકટ,૨૦૧૮ ની કલમ-૩ હેઠળ રચાયેલી ગુજરાત રાજય રોડ સેફટી ઓથોરીટીની બેઠક તા.૧૩-૨-૨૦૧૯ ના રોજ ઓથોરીટીના અધ્યક્ષ અને માન. મંત્રીશ્રી (વાહન વ્યવહાર) ના અધ્યક્ષ સ્થાને તેઓશ્રીની ચેમ્બરમાં બપોરના ૦૩-૦૦ કલાકે મળી હતી. આ બેઠકના એજન્ડા નં.૧ થી શાળાના બાળકોના પ્રવાસ વખતે સલામત પરિવહન માટે જરુરી ચર્ચા વિચારણા કરી જરુરી દિશા-નિર્દેશો બહાર પાડવા વિચારણા કરવામાં આવેલ હતી. જે અન્વયે આ આદેશ બહાર પાડવામાં આવેછે.

૨. અવલોકનો અને કારણો :-

ઓથોરીટીએ અવલોકન કર્યુ હતુ કે રાજયમાં તાજેતરમાં શૈક્ષણિક સંસ્થા તેમજ ટયુશન કલાસમાં અભ્યાસ કરતાં બાળકોને પ્રવાસમાં લઇ જતી વેળાએ ગંભીર માર્ગ અકસ્માતો થયા છે. દા.ત. તા.૨૫-૧૨-૨૦૧૮ ના રોજ અમદાવાદની એક શાળાના બાળકોને ઉજજૈન ઓમકારેશ્વરના પ્રવાસે લઇ જતી વખતે વિદ્યાર્થીઓ ભરેલી બસને ગોધરા પાસે માર્ગ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં ૨૮ જેટલા વિદ્યાર્થીઓને ઈજા પહોંચી હતી જયારે કંડકટરનું મૃત્યુ થયુ હતું. આ બસ સ્લીપર પ્રકારની હતી. આ અકસ્માતમાં ૪૦ મુસાફરોની ક્ષમતાની સામે ૧૦૭ જેટલા મુસાફરો બેસાડવામાં આવ્યા હતા અને વળાંકમાં પણ બસ ડ્રાઈવર ધ્વારા પુરપાટ ઝડપે બસ ચલાવાતી હતી તેવી હકીકતો ધ્યાનમાં આવી હતી. પોલીસ ધ્વારા શાળા સંચાલકો, ડ્રાઈવર, બસ માલિક વિગેરે સામે કડક ફોજદારી કાર્યવાહી કરવામાં આવી હતી. આ દુ:ખદ બનાવ અગાઉ સુરતના એક ટયુશન કલાસના વિદ્યાર્થીઓને પ્રવાસમાં લઇ જતી વેળાએ ડાંગમાં ગંભીર માર્ગ અકસ્માત થયો હોવાની હકીકત પણ ઓથોરીટીએ ધ્યાનમાં લીધી હતી.



Scanned by CamScanner

આ તમામ હકીકતોની ગંભીરતા પુર્વક ચર્ચા વિચારણા કરી ઓથોરીટીએ અવલોકન કર્યુ હતુ કે શૈક્ષણિક સંસ્થા કે ટયુશન કલાસ ધ્વારા યોજાતા પ્રવાસમાં પુરતી કાળજી લેવાતી નથી. જેનો ભોગ વિદ્યાર્થીઓ બને છે. વિદ્યાર્થીઓ રાજય અને દેશનું ભવિષ્ય છે. એક પણ વિદ્યાર્થીનું મૃત્યુ થાય કે વિદ્યાર્થીને ઈજા થાય તે રાજય માટે ગંભીર બાબત છે. આવા પ્રવાસ વખતે વિદ્યાર્થીઓની સલામતી સુનિશ્ચિત થાય તે માટે (૧) શૈક્ષણિક સંસ્થા કે ટયુશન કલાસના સંચાલકો (૨) વાહનના માલીક કે વાહનના નિયંત્રક કે વાહનના કબજેદાર કે ટ્રાવેલ્સ ઓપરેટર (૩) વાહન અને (૪) વાહનના ડ્રાઈવર એમ ચારેય પરિબળોને જવાબદાર ગણવા જોઈએ. આથી ઓથોરીટીએ કાળજી પૂર્વકની ચર્ચા વિચારણાના અંતે સર્વાનુમતે રાજયમાં શૈક્ષણિક સંસ્થા તથા ટયુશન કલાસ ધ્વારા કે અન્ય કોઈપણ સંસ્થા કે વ્યકિત ધ્વારા વિદ્યાર્થીઓ માટેના પ્રવાસના આયોજન વખતે વિદ્યાર્થીઓની સલામતી સુનિશ્ચિત કરવા નીચે પ્રમાણેના આદેશ આપવાનું ઠરાવેલ છે.

## ૩. દિશા નિર્દેશો.

૩.૧. ગુજરાત રોડ સેફટી ઓથોરીટીની તા.૧૩-૨-૧૯ ની બેઠકથી થયેલ ઠરાવ અન્વયે ગુજરાત રોડ સેફટી ઓથોરીટી એકટ,૨૦૧૮ ની કલમ-૧૫(૧) હેઠળ આ આદેશ આપવામાં આવે છે.

૩.૨. રાજયમાં શૈક્ષણિક સંસ્થા તથા ટયુશન કલાસ ધ્વારા કે અન્ય કોઈપણ સંસ્થા કે વ્યકિત ધ્વારા વિદ્યાર્થીઓ માટેના પ્રવાસના આયોજન વખતે વિદ્યાર્થીઓની સલામતી સુનિશ્ચિત કરવા (૧) શૈક્ષણિક સંસ્થા કે ટયુશન કલાસના સંચાલકો અને (૨) વાહનના માલીક કે વાહનના નિયંત્રક કે વાહનના કબજેદાર કે ટ્રાવેલ્સ ઓપરેટરોએ નીચે પ્રમાણેના આદેશોનું ફરજીયાતપણે પાલન કરવાનું રહેશે.

:૧: શૈક્ષણિક પ્રવાસ કરતાં પહેલાં લેવાની થતી કાળજી.

(એ) વાહનની યાંત્રિક તપાસણી સંબંધીત આરટીઓ કચેરીના મોટર વાહન નિરીક્ષક દ્વારા ફરજીયાતપણે કરાવવી.

(બી) વાહનના સંબંધિત કાગળો જેવાકે વાહનનું ફીટનેશ સર્ટીફીકેટ, પરમીટ, પીયુસી, વિમો વિગેરે માન્ય (વેલીડ) છે તથા ડ્રાઈવર અધિકૃત ડ્રાઈવીંગ લાયસન્સ તથા બેઝ ધરાવે છે તે બાબત સુનિશ્ચિત કરવા સંબંધીત આરટીઓ કચેરીના મોટર વાહન નિરીક્ષક દ્વારા ફરજીયાતપણે તપાસણી કરાવવી.

(સી) સ્પીડ ગર્વનર, રીફલેકટીવ ટેપ વગેરે અંગેના નિયમોની જોગવાઈનું પાલન થયેલ છે કે, નહીં તે સુનિશ્ચિત કરવું.

આવી તપાસ કર્યા બાદ સંબંધીત આરટીઓ કચેરીના મોટર વાહન નિરીક્ષકને વાહન, વાહનના દસ્તાવેજ તેમજ ડ્રાઈવીંગ લાયસન્સ અંગે સંતોષકારક પ્રમાણપત્ર મળ્યુ હોય તે સિવાયનું કોઈપણ વાહન પ્રવાસમાં લઈ જઈ શકાશે નહીં.

:૨: પ્રવાસ આયોજક દ્વારા લેખિત બાંહેધરી આપવી. જેમાં જણાવવું કે,

(એ) બેઠક ક્ષમતા કરતાં વધુ બાળકો બેસાડવામાં નહીં આવે.

(બી) રાત્રીના ૧૨-૦૦ થી સવારના ૦૬-૦૦ સુધી પ્રવાસ કરવામાં નહી આવે.

Scanned by CamScanner

(એ) બેઠક ક્ષમતા કરતાં વધુ બાળકો બેસાડવામાં નહીં આવે.

(બી) રાત્રીના ૧૨-૦૦ થી સવારના ૦૬-૦૦ સુધી પ્રવાસ કરવામાં નહી આવે.

(સી) જે ડ્રાઈવરો અકસ્માતમાં સંડોવાયેલા હોય તેમને વાહન ચલાવવા દેવામાં આવશે નહી.

(ડી) ડ્રાઈવર ધ્વારા કાળજી પુર્વક તથા સલામત રીતે વાહન ચલાવવામાં આવશે.

૩.૩. આ આદેશોના અનાદર અથવા તેના અમલીકરણમાં નિષ્ફળતા બદલ જવાબદારો સામે ગુજરાત રોડ સેફટી ઓથોરીટી એકટ,૨૦૧૮ ની કલમ-૧૭ તેમજ કલમ-૨૩ હેઠળ દંડનીય પગલા લઈ શકાય છે.

( વી.પી.પટેલ )
રોડ સેફટી કમિશનર
ગુજરાત રોડ સેફટી ઓથોરીટી.

ક્રમાંક/ગુજરોસા/૦૪ /રોડસેફટી-વિધ્યાર્થી પ્રવાસ/૧૬-૮૧
પ્રથમ માળ, નિયામકશ્રી અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની જુની કચેરી,
સેકટર-૧૮ પોલીસ ભવનની બાજુમાં,
ગાંધીનગર.
તારીખ. ૮-૩-૨૦૧૯. 8 MAR 2019

**પ્રતિ, નિશ્ચિત સમય મર્યાદામાં અમલવારી અર્થે.**

(અ) તમામ પોલીસ કમિશનરશ્રીઓ.
(૧) પોલીસ કમિશનરશ્રી, પોલીસ કમિશનરની કચેરી, શાહીબાગ, અમદાવાદ.
(૨) પોલીસ કમિશનરશ્રી, પોલીસ કમિશનરની કચેરી, પોલીસ ભવન, અઠવાલાઈન્સ, સુરત.
(૩) પોલીસ કમિશનરશ્રી પોલીસ કમિશનરની કચેરી, જેલ રોડ, રાવપુરા, વડોદરા.
(૪) પોલીસ કમિશનરશ્રી પોલીસ કમિશનરની કચેરી, રેડ ક્રોસ રોડ, રાજકોટ.
(બ) તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ.
(૧) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, એસ.જી.હાઇવે, દિવ્યભાસ્કર પ્રેસની નજીક, મકરબા, અમદાવાદ.
(૨) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, વડોદરા.
(૩) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, સોજીત્રા રોડ, બોરસદ ચોકડી, આણંદ.
(૪) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, છોટાઉદેપુર.
(૫) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, શેઠશ્રી ગીરધરલાલ માર્ગ, દાહોદ.
(૬) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, રેલ્વે ઓવર બ્રીજ નજીક, આશ્રમ રોડ, નડીયાદ,જી.ખેડા.
(૭) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી,મહર્ષી અરવિંદ સોસાયટી, લુણાવાડા, જી.મહીસાગર.
(૮) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી,ગીતાનગર, ગોધરા, જી. પંચમહાલ.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, રોડ નં.૭, સેકટર-૨૭, ગાંધીનગર.
(૧૦) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, અરવલ્લી (હિંમતનગર)
(૧૧) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, અંબીકા સોસાયટી, પાલનપુર,જી.બનાસકાંઠા.

Scanned by CamScanner

(૧૨) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી,રાજમહેલ રોડ, મહેસાણા.
(૧૩) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, પાટણ.
(૧૪) પોલીસ,અધિક્ષકશ્રી,પોલીસઅધિક્ષકનીકચેરી,ચંદ્રનગર,પરબધા,હિંમતનગર,જી.સાબરકાંઠા.
(૧૫) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, ગીરનાર સીનેમાની સામે, રાજકોટ.
(૧૬) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, મણીનગર ચિંતનરોડ, અમરેલી.
(૧૭) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, નવા પરા, ભાવનગર.
(૧૮) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, એસ.ડી.એમ.ઓફીસ, બોટાદ.
(૧૯) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, દેવભુમીધ્વારકા.
(૨૦) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, વેરાવળ, ગીરસોમનાથ.
(૨૧) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, પોલીસભવન, આર્યુવેદીક હોસ્પીટલ સામે, જામનગર.
(૨૨) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, સરદારબાગ, સખીકુંજ નજીક, જુનાગઢ.
(૨૩) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, મોરબી.
(૨૪) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, ન્યુ ફાઉન્ડેન નજીક,વાડીયા રોડ, પોરબંદર.
(૨૫) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, પોલીસ હેડકવાટર્સ, સુરેન્દ્રનગર.
(૨૬) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી.ડી.સી.-૫, અદીપુર, ગાંધીધામ, જી.કચ્છ.
(૨૭) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, ઇચ્છાનાથ મહાદેવ, ગર્વમેન્ટ કવાટર્સ, આઠવા લાઇન્સ, સુરત.
(૨૮) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી,સીવીલ લાઇન, કાલીતલાવડી, ભરુચ.
(૨૯) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, પોલીસભવન, મેઇન રોડ, આહવાડાંગ.
(૩૦) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, કલેકટરની કચેરી નજીક, રાજપીપળા.
(૩૧) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, પોલીસભવન, લુનસીકુઇ, ગણદેવી રોડ,નવસારી.
(૩૨) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી,જીલ્લા સેવા સદન, પાનવાડી,તાપી-વ્યારા.
(૩૩) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, ધરમપુર રોડ, વલસાડ.
(ક) તમામ આરટીઓ / એઆરટીઓ.
(ડ) અખિલ ગુજરાત પ્રવાસી વાહન સંચાલક મહામંડળને તેઓના સભ્યોને જાણ કરવાની વિનંતીસહ

- નકલ જાણ તથા અમલીકરણ માટે જરુરી સૂચના આપવા વિનંતી સહ સવિનય રવાના :-

પ્રતિ
પોલીસ મહા નિર્દેશકશ્રી,
અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી,
પોલીસ ભવન,૧લો માળ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.

- નકલ જાણ સારુ સવિનય રવાના:-

પ્રતિ
(૧) અગ્ર સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, ૨, સરદાર ભવન, બીજે માળ, સચિવાલય, ગાંધીનગર.
(૨) અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી (વાહન વ્યવહાર) અને માન. અધ્યક્ષશ્રી, રોડ સેફટી ઓથોરીટી.

:પુરબિયા:રોસેઓથો:કાર્યાલય આદેશ-૧૩-૧૬:

Scanned by CamScanner